©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 11th SEPTEMBER, 2025/BHADRA 20, 1947 [No. 5922

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

સુરત મહાનગરપાલિકા

નગર રચના યોજના, સુરત નં. : ૯૪ (મોટાવરાછા) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

અધિસુચન

નં. ટીપીડી/આ/૨૭૬૨/૨૦૨૫.-આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯ નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : પ્રિલીમીનરી ટી. પી. સ્કીમ નં. ૮૪(મોટાવરાછા-અબ્રામા-ભરથાણા કોસાડ-કોસાડ) ની હદ.

દક્ષિણે : ડ્રાફટ ટી. પી. સ્કીમ નં. ૨૫(મોટા વરાછા) ની હદ.

પૂર્વે : ડ્રાફટ ટી. પી. સ્કીમ નં. ૨૫(મોટા વરાછા) ની હદ.

પશ્ચિમે : ડ્રાફટ ટી. પી. સ્કીમ નં. ૮૬(કોસાડ) ની હદ.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, બહુમાળી બિલ્ડીંગની પાછળ, નાનપુરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો, કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત :
તા. -૦૯-૨૦૨૫

સહિ/- અવાચ્ય
કમિશનર
સુરત મહાનગરપાલિકા

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Government Press & Stationery, Rajkot
Manager
Date : 2025.09.11 14:55:03 IST